આજની પ્રાર્થના....
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૧ | ૧૧ જુન, ૨૦૨૧, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં બાળકોને રેમડેસિવિરની મનાઈ

**૫ વર્ષથી નિચેના માટે માસ્ક નહીં : કોરોનાને લઈને ૧૮ વર્ષથી નિચેના માટે કેન્દ્રની નવી ગાઈડલાઈન : બાળકોમાં ઓક્સિજનની સ્થિતિ સમજવા માટે ૬ મિનિટની વોક ટેસ્ટ કરાવવા સલાહ : તાવમાં દર ૪-૬ કલાકમાં પેરાસિટામોલની ગોળી આપવી**

નવી દિલ્હી, તા. ૧૦
કેન્દ્ર સરકારે કોરોના મહામારીને લઈને ૧૮ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. આ ગાઈડલાઈન પ્રમાણે બાળકોને રેમડેસિવિર આપવાની સખત મનાઈ કરવામાં આવી છે. સાથે જણાવવામાં આવ્યું કે, ૫ વર્ષ કે તેથી નાના બાળકો માટે ફેસ માસ્ક લગાવવાની જરૂર નથી. મહત્વનું છે કે ડાયરેક્ટરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસ જે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની હેઠળ આવે છે તેણે કહ્યું કે, રેમડેસિવિરનો બાળકો પર ઉપયોગ કરવાનો નથી.

માઈલ્ડ લક્ષણોમાં રૂમની અંદર ઓક્સિજન સેચુરેશન ૯૪ ટકા તે કેનાથી વધુ હોઈ શકે છે. સાથે ગળામાં સમસ્યા, શ્વાસ મુશ્કેલી સામેલ છે. તો તેની સારવારને લઈને જણાવવામાં આવ્યું કે, તાવમાં દર ૪-૬ કલાક વચ્ચે એક પેરાસિટામોલની ગોળી આપવાની છે. ખાંસી માટે ગરમ પાણીના કોગળા કરવાના છે. તો આઈસોલેશનમાં ગયેલા બાળકો માટે તેના માતા-પિતાને સકારાત્મક વાત કરવાની સલાહ આપવામાં આવી છે. બાળકોમાં ઓક્સિજનની સ્થિતિ સમજવા માટે ૬ મિનિટની વોક ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવી છે. નવી ગાઈડલાઈન પ્રમાણે ૫ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો માટે માસ્ક લગાવવું ફરજીયાત નથી. તો ૬-૧૧ વર્ષના બાળકો માતા-પિતાની દેખરેખમાં માસ્ક લગાવી શકે છે. તો ૧૨ વર્ષથી મોટી ઉંમરના બાળકો મોટા લોકોની જેમ માસ્કનો ઉપયોગ કરી શકે છે. નવા દિશાનિર્દેશોમાં એસિમ્પ્ટોમેટિક અને માઈલ્ડના મામલામાં બાળકો પર સ્ટેરોયડનો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવી છે. સ્ટેરોયડ માત્ર મોડરેટ, સીવિયર અને ક્રિટિકલ સ્થિતિમાં બાળકોને સખત દેખરેખમાં આપવું જોઈએ. સાથે તે ધ્યાન રાખવું પડશે કે યોગ્ય સમય સુધી જ સ્ટેરોયડ આપવામાં આવે.

## યોગી- અમિત શાહની મુલાકાત

**યુપીના મુખ્યમંત્રીના દિલ્હીમાં ધામા : શુક્રવારે યોગી આદિત્યનાથ વડાપ્રધાન મોદીને મળીને રાજ્યમાં આગામી વિધાનસભાની ચૂંટણી સંદર્ભે ચર્ચા કરશે**

નવી દિલ્હી, તા. ૧૦
આવતા વર્ષે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. એવી અટકળો છે કે આ પહેલા રાજ્યમાં યોગી મંત્રીમંડળમાં કોઈ મોટા



ફેરફાર થઈ શકે છે. આને કારણે દિલ્હીમાં રાજકીય હલચલ વધી ગઈ છે. ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે ગુરુવારે રાજધાનીમાં ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી. શાહના ઘરે બેઠક મળી હતી. શુક્રવારે સીએમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. બેઠક ૧૦: ૪૫ વાગ્યે યોજાવાની છે. યોગી પછી એનડીએના સાથી અપના દળ (એસ) ના પ્રમુખ અને સાંસદ અનુપ્રિયા પટેલ અમિત શાહને મળ્યાં હતાં.

શાહ સાથે યોગીની મુલાકાતથી ઉત્તર પ્રદેશમાં ફેરબદલની અટકળો તેજ બની ગઈ છે. એવા અહેવાલો છે કે આ બેઠકમાં યોગી આગામી વિધાનસભાની ચૂંટણી અંગે ચર્ચા કરશે. આ સાથે આ અંગે રણનીતિ તૈયાર કરવામાં આવશે. દરમિયાન, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ પણ ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## બિહારના દૈનિક મૃત્યાંક મામલે વિવાદ

**દેશમાં મોતનો આંકડો ૬૦૦૦ને પાર : મૃત્યુઆંકમાં બિહારના બેકલોગ ૩૯૫૧ મૃત્યુના આંકડાનો પણ સમાવેશ : છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૯૪૦૫૨ નવા પોઝિટિવ કેસ : ભારતમાં ૩૫૯૬૭૬ કોરોનાના દર્દીઓએ જીવ ગુમાવ્યો, એક્ટિવ કેસ ઘટીને ૧૨ લાખથી નીચે આવી ગયા છે**

નવી દિલ્લી,તા.૧૦
કોરોના વાયરસની બીજી લહેરનો કહેર હવે ધીમો પડતો હોય એવું લાગી રહ્યું છે. સંક્રમણના કેસો સતત એક લાખથી વધુ નોંધાતા દેશવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ ગુરુવારે જાહેર થયેલા મૃત્યુના આંકડાઓએ ચિંતા વધારી દીધી. દેશમાં એક જ દિવસમાં ૬,૦૦૦થી વધુ દર્દીઓના મોતનો આંકડો સામે આવ્યો છે. નોંધનીય છે કે આજે જાહેર થયેલા મૃત્યુઆંકમાં બિહારના બેકલોગ ૩૯૫૧ મૃત્યુના આંકડાનો પણ સમાવેશ થાય છે. આમ, એક જ દિવસમાં મૃત્યુ પામનારા લોકોના જાહેર થયેલા આંકડામાં આજે રેકોર્ડ નોંધાયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ગુરૂવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૯૪,૦૫૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૬૧૪૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૯૧,૮૩,૧૨૧ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૨૩,૯૦,૫૮,૩૬૦ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. વિશેષમાં, કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨ કરોડ ૭૬ લાખ ૫૫ હજાર ૪૯૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧,૫૧,૩૬૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧૧,૬૭,૯૫૨ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૩,૫૯,૬૭૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૯ જૂન, ૨૦૨૧ સુધીમાં ભારતમાં કુલ ૩૭,૨૧,૯૮,૨૫૩ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

બુધવારના ૨૪ કલાકમાં ૨૦,૦૪,૬૯૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ કોરોનાની બીજી લહેર પર ઘણે અંશે કાબૂ મેળવી લેવાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૬૪૪ કેસ નોંધાયા છે. જેની સામે ૧૬૭૫ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૦ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૯૯૬૫ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૯૮ ટકા છે. અત્યાર સુધીમાં ૧,૯૧,૮૦,૮૬૫ વ્યક્તિઓને કોરોનાવેક્સીન આપવામાં આવી છે. જેમાં આજ વધુ ૨,૬૬,૨૨૨ વ્યક્તિઓને કોરોનાની રસી મળી છે.

## મુંબઈમાં ચાર માળની ઈમારત ધરાશાયી

**૧૧નાં કરૂણ મોત : દુર્ઘટના બાદ આસપાસની બિલ્ડિંગોને ખાલી કરાવી દેવામાં આવી છે, આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલ લઈ જવાયા, ૧૫ લોકોને બચાવાયા : મુંબઈમાં ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાયા**





મુંબઈ,તા.૧૦
દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ચોમાસાના આગમનની સાથે જ મોટી દુર્ઘટના બની છે. બુધવાર રાત્રે ભારે વરસાદના કારણે લગભગ ૧૧ વાગ્યે મલાડ વેસ્ટમાં સ્થિત ચાર માળની એક બિલ્ડિંગ ધરાશાયી થઈ ગઈ. સ્થાનિક લોકો અનુસાર તેની સાથે જ આસપાસની અન્ય બે બિલ્ડિંગ પણ પડી ગઈ છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૧ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. સાથોસાથ ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બીજી તરફ, બચાવકર્મીઓએ કાટમાળમાંથી ૧૫ લોકોને બચાવ્યા છે. તેમાં બાળકો અને મહિલાઓ સામેલ છે. ઘટના બાદ તરત જ ફાયરબ્રિગેડની ટીમ અને બીએમસીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લોકોને બચાવવા માટે ત્યાં તાત્કાલિક રાહત કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું. બીએમસીનું કહેવું છે કે દુર્ઘટના બાદ આસપાસની બિલ્ડિંગોને ખાલી કરાવી દેવામાં આવી છે. સાથોસાથ કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રાહત કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, ડીસીપી ઝોન ૧૧ વિશાલ ઠાકુરનું કહેવું છે કે કાટમાળમાં વધુ લોકો ફસાયા હોવાની આશંકા છે. રેસ્ક્યૂ ટીમો તેમની શોધખોળમાં લાગી ગઈ છે. ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે. આ દુર્ઘટના પર મહારાષ્ટ્રના મંત્રી અસલમ શેખનું કહેવું છે કે આ બિલ્ડિંગો ભારે વરસાદના કારણે પડી ગઈ છે. બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ઘાયલોને હૉસ્પિટલોમાં ખસેડવાની સાથોસાથ લોકોની તલાશમાં કાટમાળને હટાવવામાં આવી રહ્યો છે.

નોંધનીય છે કે, મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં બુધવારે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગમન થયું અને પહેલા જ દિવસે ભારે વરસાદથી દેશની આર્થિક રાજધાની તથા તેના ઉપનગરોમાં અનેક સ્થળો પર પાણી ભરાઈ ગયા જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું અને રોડ ટ્રાન્સપોર્ટેશનની સાથે લોકલ ટ્રેન સેવાઓ ઉપર પણ અસર પડી. આ દરમિયાન ભારતીય હવામાન વિભાગ એ મુંબઈ અને પડોશી થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લા માટે રેડ અલર્ટ જાહેર કરી કેટલાક સ્થળો પર ભારે વરસાદની ચેતવણી આપી છે.

## રસીની કિંમત પર કેન્દ્ર ફરી વાતચીત કરે તેવી શક્યતાઓ

**ભારત બાયોટેક અને સીરમ સાથે ચર્ચા કરશે : પ્રતિ ડોઝની સંશોધિત ખરીદ કિંમત નવી પ્રણાલી હેઠળ નક્કી કરવાની રુપરેખાને કેન્દ્ર અંતિમ રુપ આપી રહ્યું છે**

નવી દિલ્લી,તા.૧૦
કોરોના સંક્રમણની વિરુદ્ધ જારી રસીકરણ નીતિમાં ફેરફારની સાથે કેન્દ્ર સરકાર ભારત બાયોટેકની કોવેક્સીન અને સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડની કિંમતો પર ફરી વાતચીત કરી શકે છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યુ કે પ્રતિ ડોઝની સંશોધિત ખરીદ કિંમત નવી પ્રણાલી હેઠળ હજું નક્કી કરવામાં આવશે. અધિકારીએ કહ્યુ કે કેન્દ્ર કિંમત નક્કી કરવાની રુપરેખાને અંતિમ રુપ આપી રહી છે. જ્યારે કેન્દ્રએ જાન્યુઆરીમાં રસીકરણ શરુ કર્યુ તો તેમણે કોવિશીલ્ડના ૧ કરોડ ૧૦ લાખ ડોઝ ૨૦૦ રુપિયામાં અને કોવેક્સીનના લગભગ ૫૫ લાખ ડોઝ ૨૦૬ રુપિયામાં ખરીદ્યા. જો કે બાદમાં તેની કિંમત ઘટાડીને ૧૫૦ રુપિયા પ્રતિ ડોઝ કરી દેવામાં આવી છે. એપ્રિલમાં નક્કી ખાનગી હોસ્પિટલોને સરકારના માધ્યમથી રસી ખરીદવી પડતી હતી. કેન્દ્ર બન્ને રસી પ્રતિ ડોઝ કિંમત ૨૫૦ રુપિયામાં તેમને વેચી રહ્યુ હતુ. જ્યારે ૧૮થી ૪૪ વર્ષના લોકો માટે રસીકરણ શરુ થયું તો કેન્દ્રના ખરીદ મુલ્યમાં કોઈ ફેરફાર નથી આવ્યો. સ્વાસ્થ્ય મંત્રાલયે ૨૪ એપ્રિલે ટ્વીટ કરી, 'ભારત સરકાર દ્વારા ખરીદવામાં આવી રહેલા બન્ને રસીની કિંમત ૧૫૦ રુપિયા પ્રતિ ડોઝ છે. એપ્રિલમાં નિર્માતાઓએ રાજ્યો અને ખાનગી હોસ્પિટલો




માટે કિંમત નક્કી કરવાની પરવાનગી આપી હતી. સીરમ અને ભારત બાયોટેકે શરુઆતમાં રાજ્યો માટે રસીની કિંમત ક્રમશઃ ૪૦૦થી ૬૦૦ રુપિયા અને ખાનગી હોસ્પિટલો માટે ક્રમશઃ ૬૦૦થી ૧૨૦૦ રુપિયા રાખી હતી. કિંમતો પર ઉઠતા સવાલ અને વિવાદ બાદ રાજ્યો માટે ખરીદ કિંમતને ઘટાડી દેવાઈ હતી. એ બાદ કોવિશીલ્ડના પ્રતિ ડોઝ કિંમત ૩૦૦ રુપિયા અને કોવેક્સિનની કિંમત ૪૦૦ રુપિયા પ્રતિ ડોઝ રાખવામાં આવી. ઉલ્લેખનીય છે કે હાલમાં પ્રધાનમંત્રીએ કહ્યુ હતું કે દેશમાં બની રહેલી રસીમાંથી ૨૫ ટકા ખાનગી ક્ષેત્ર સીધી મેળવી શકે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સર્વોચ્ચ નેતા : સંજય રાઉત

**રાઉતનું મુખ્યમંત્રી સાથે મુલાકાત કર્યા બાદ નિવેદન : શિવસેના હંમેશાથી માને છે કે પ્રધાનમંત્રી દેશના હોય છે તેના ઉપર કોઈ એક પાર્ટીનો અધિકાર ન હોવો જોઈએ**

મુંબઈ, તા. ૧૦
મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે પાછલા મંગળવારે દિલ્હીમાં થયેલી બેઠકને લઈને શિવસેના નેતા સંજય રાઉતે કહ્યુ કે, પ્રધાનમંત્રી મોદી દેશ અને ભાજપના સર્વોચ્ચ નેતા છે. હકીકતમાં મીડિયામાં આવી રહેલી ખબરોને લઈને સંજય રાઉતને સવાલ કરવામાં આવ્યો કે, આરએસએસ રાજ્યોમાં યોજાઈ રહેલી ચૂંટણીમાં તે રાજ્યના નેતાઓના ચહેરાને રજૂ કરવાનું વિચાર કરી રહ્યું છે શું તેવામાં કહી શકાય કે મોદીની લોકપ્રિયતા પર અસર પડી છે અને તે પહેલાથી ઓછી થઈ છે.

આ સવાલનો જવાબ આપતા સંજય રાઉતે કહ્યુ- હું કોઈ પ્રકારની કોઈ ટિપ્પણી કરવા ઈચ્છતો નથી, મીડિયામાં શું અહેવાલો આવી રહ્યા છે તે નથી જાણતો. તેને લઈને કોઈ પ્રકારનું સત્તાવાર નિવેદન આવ્યું નથી. છેલ્લા સાત વર્ષોમાં ભાજપને મળેલી સફળતાનો બધો શ્રેય મોદીને જાય છે અને દેશ અને ભાજપ પાર્ટીના સર્વોચ્ચ નેતા છે.

મહત્વનું છે કે શિવસેના નેતા સંજય રાઉત આ સમયે ઉત્તર મહારાષ્ટ્રના પ્રવાસ પર છે. અહીં જલગાંવમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, શિવસેના હંમેશાથી માને છે કે પ્રધાનમંત્રી દેશના હોય છે તેના પર કોઈ એક પાર્ટીનો અધિકાર ન હોવો જોઈએ, તેથી પ્રધાનમંત્રીએ ચૂંટણી અભિયાન જેવા કાર્યક્રમોમાં ભાગ ન લેવો જોઈએ.

## કેન્દ્રીય કર્મચારીઓને જુલાઈથી મોંઘવારીનો હપ્તો મળવા લાગશે

**કર્મીઓને મોંઘવારી ભથ્થાનાં કુલ 3 હપ્તાની ચૂકવણી થશે**

નવી દિલ્હી, તા. ૧૦
કેન્દ્રીય કર્મચારીઓ માટે આગામી ૬ મહિના શાનદાર બની રહેશે. કર્મચારીઓની એપ્રેઝલ વિંડો જૂનનાં અંત સુધી ખુલ્લી છે, જેમાં તેમને સેલ્ફ એસેસમેન્ટ ભરવાનું છે. આ ઉપરાંત જુલાઈથી મોંઘવારી ભથ્થાનો હપ્તો પણ મળવાનું શરૂ થઈ જશે. તમામ કર્મચારીઓને મોંઘવારી ભથ્થા (ડીએ) નાં કુલ ત્રણ હપ્તાની ચૂકવણી થશે.

આમાં ૧ જાન્યુઆરી ૨૦૨૦, ૧ જુલાઈ ૨૦૨૦ અને ૧ જાન્યુઆરી ૨૦૨૧ નાં વધારોનો પણ સમાવેશ થશે. જુના ભથ્થાને સુધારીને ૧ જુલાઈ ૨૦૨૧ થી નવું ભથ્થું લાગુ કરવામાં આવવાનું છે. ડીએ ઉપરાંત ટ્રાવેલ એલાઉન્સ અને સિટી એલાઉન્સમાં પણ વધારો કરી શકાય છે. આ સિવાય બીજી પણ ઘણી અપેક્ષાઓ છે. એક વાક્યમાં, સમજો કે જુલાઈમાં કેન્દ્રીય કર્મચારીઓનાં પગારમાં બમ્પર વધારો થવાનો છે.

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)માં ૪ ટકાનો વધારો થવાની ધારણા છે. ઉલ્લેખનિય છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓને હાલમાં ૧૭ ટકાના દરે ડિયરનેસ એલાઉન્સ (ડીએ વધારો) મળે છે. ડીએનો આ જ દર જુલાઈ ૨૦૧૯ થી લાગુ થશે અને તેમાં જાન્યુઆરી ૨૦૨૦થી ફેરફાર થવાનો બાકી છે. એટલે કે, જાન્યુઆરી ૨૦૨૦, જૂન ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૧ ના ત્રણ હપ્તાની ચુકવણી બાકી છે. એટલે કે, ઉપરાંત ૨૦૨૧ માટેનું ડીએ પણ વધવાનું છે. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે જૂન ૨૦૨૧ માં પણ ડીએમાં ૪ ટકાનો વધારો થઈ શકે છે. જોકે તેની જાહેરાત પછી કરવામાં આવશે.

